# પ્રણયોત્સવ



પારસ પટેલની કાવ્ય રચનાઓ

# પ્રણયોત્સવ

કાવ્ય રચનાઓ: પારસ પટેલ
તસવીરો: પ્રણય પટેલ



વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તા. ૨૫-૦૬-૨૦૧૯

## સંદેશ

***Literature is one of the most interesting and significant expressions of humanity.***

***-P. T. Barnum.***

સર્જકો પોતાની સર્જનશક્તિ અને કલ્પના થકી સમાજને વિવિધ સંદેશ આપવાની સાથે લાગણીની અનુભૂતિ કરાવનાર બની રહે. પોતાના અનુભવો અને સંવેદનશીલતા થકી એક સર્જક પોતાની રચનાઓને કાગળ પર મૂકે છે. ભાષા સજ્જતા સાથેની આકર્ષક કૃતિઓ વ્યક્તિને વિચાર વિશ્વમાં લઈ જઈ આનંદનો અનુભવ કરાવનાર બને.

પ્રવેગ કોમ્યુનિકેશન દ્વારા પ્રકાશિત અને શ્રી પારસભાઈ પટેલ દ્વારા રચિત પ્રણયોત્સવ પુસ્તક જન-જનને વાંચન થકી સંવેદના સાથે વિષયાનંદ કરાવે તેવી શુભેચ્છા પાઠવું છું. પુસ્તક પ્રકાશનને અભિનંદન સહ શુભકામના

આપનો,

(વિજય રૂપાણી)

## અર્પણ

**કાવ્ય સર્જનની લ્હાયમાં મારાથી જેને સમય આપવામાં અન્યાય થયો છે એવી મારી જીવનસંગિની સુનિતાને...**

FIRST EDITION:
JUNE 2019

PUBLISHED BY:
PRAVEG COMMUNICATIONS LIMITED, AHMEDABAD

COPYRIGHT© BY PARAS PATEL

પ્રણયોત્સવની રચનાઓમાં પ્રેમના આરોહ-અવરોહને વાચા આપવાનો પ્રયાસ કર્યો છે. ઉત્તર ગુજરાતના ગામડામાં જીવેલા-જોયેલા આ લાગણી ચિત્રો છે.

દરેક રચનાની સાથે કુદરતી સૌંદર્યની એક સુંદર તસવીર છે. આ તમામ તસવીરો મારા દીકરા પ્રણય દ્વારા ક્લિક કરવામાં આવી છે. પ્રણય આમ તો વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર છે, પરંતુ વાઈલ્ડ લાઈફની સાથે સાથે ક્લિક કરેલી અદ્ભુત તસવીરો આ કાવ્ય સંગ્રહને જીવંત બનાવે છે.

પારસ પટેલ
અમદાવાદ
તા. ૯/૬/૨૦૧૯, રવિવાર

# શબ્દને 'પારસ' સ્પર્શ.

પારસ પટેલ આમ તો કવિતા જગતને નવું નામ લાગશે, પણ મને નથી લાગતું. એના ત્રણ કારણો છે. એક, સાવ અનોખા માણસ, ચોવીસ કેરેટની લાગણીઓ ધરાવતા ઉર્મિશીલ માણસ. બીજું, એમના 'પ્રવેગ' ઇવેન્ટ-મેનેજમેન્ટમાં એમની 'સર્જકતા'નો સ્પાર્ક-ચમકારો જોવા મળે. રણ મહોત્સવ હોય કે નવરાત્રી હોય, પારસભાઇનો સ્પર્શ તમને 'ક્રિએટીવીટી'નો પરિચય કરાવે. અને ત્રીજું, અને અગત્યનું, આ વ્યક્તિ સતત પોતાની અભિવ્યક્તિ ઉપર નજર રાખી રહ્યા હતા. કદાચ, એ 'ઇવોલ્વ' થતા એક કવિને સાક્ષીભાવે ઉછેરી રહ્યા હતા.

પારસભાઇની આ કવિતા વાંચીએ એટલે પહેલો પ્રતિભાવ એવો આવે, "આ કવિનો પહેલો કાવ્યસંગ્રહ લાગતો નથી"... કારણ એમની શૈલી અને સ્વરૂપ બન્નેમાં ભારે પરિપક્વતા કે પ્રૌઢતા છલકે છે. આ કવિ ગઝલમાં કામ કરે છે એટલે કલ્પનોની થાકેલી વણઝાર કે પુનરાવર્તનની પંગુ ચાલ કવિતાને હેરાન કરી શકે પણ એવું નથી થયું એનું કારણ સહજ રીતે વહેતી 'કલ્પકતા' કવિતાને ભીંજાયેલી રાખે છે.

અંગ્રેજીના કવિ Sharon Talbot ની નાયિકાની ચાલ જેવી ગતિથી વહેતી પારસભાઇની કવિતાને હું તાલ્બોટના આ શબ્દોથી જ પોંખવા માંગું છું...

Her steps were always slow,
Even in youth she swayed,
Walked with sultry composure
And seductive flow.

[hellopoetry.com] [Age and grace; sep 2018]

કવિએ એક કામ કરવાનું હોય છે, અને એ કામ છે, ભાવકોને 'અચંબા'માં નાંખી દેવા, એક 'વાઉ' ઉદ્ગાર જન્માવવો. પારસભાઇને ઘણા વર્ષોથી હું જાહેરમાં અને ખાનગીમાં સાંભળી

રહ્યો છું, પણ આટલું વૈવિધ્ય અને છંદબધ્ધતામાં જે ચુસ્તી જોવા મળે છે, તે 'વાહ'ને સહજતાથી ઉચ્ચારાવે છે, એમની સહજ અભિવ્યક્તિ અંગત મિત્ર તરીકે એક પ્રકારનો આનંદનો અને ગૌરવનો ભાવ જન્માવે છે.

પારસભાઇની કવિતા પ્રેમમાં ખીલે છે. પ્રેમની બધી અવસ્થાઓનું, જો કે ક્રમિક અવતરણ નથી લાગતું, એક સુરેખ પ્રત્યાયન થયા કરે છે. કવિની 'પ્રેમની વિભાવના' ભારે 'ક્લેરિટી'થી કળાયેલી છે. ક્રિકેટની ઋતુ ચાલે છે એટલે પહેલી ઓવરના પહેલા બોલ જેવી પંક્તિ જ વાચકને પકડી લે છે,

**પ્રેમમાં આભાર જેવું નૈ ગમે,**
**જો મને વેપાર જેવું નૈ ગમે.**

અહીં શાકુંતલમાં જેમ કાલિદાસ પે'લા નાયકને કહે છે કે 'આ આશ્રમ છે, એટલે વિનીતવેશે જવું પડશે.' અહીં એક બહુ સફળ ઉદ્યોગસાહસિક વાચકને જાણે કે 'ટર્મ્સ અને કંડિશન્સ' બતાવી રહ્યા છે. ગઝલ કવિનો પ્રિય પ્રકાર છે એટલે પ્રેયસીને પણ આ રુઆબમાં કહે છે,

**સોળમું બેઠું ને એના ગાલ પર,**
**ખંજનોમાં રોજ વિસ્તરતી ગઝલ.**
**જે ગલીમાં હું તને મળતો હતો,**
**એ ગલીમાં આજ પણ ફરતી ગઝલ.**

આ કવિતાઓનો પ્રેમ એની ત્રણેય અવસ્થામાં પ્રગટ થાય છે, મસ્તી, રોમાંચ અને મિલન, વિરહ જેવી ભાવનાઓનું અદ્‌ભુત શબ્દશિલ્પ રચાય છે. મસ્તીમાં રચાતા આઠ જેટલા કાવ્યો તો છોકરા અને છોકરીના ભાવોને એક રમતિયાળ અંદાજમાં ઉલ્લેખે છે.

**એક છોકરીએ છોકરાને કાનમાં કહ્યું,**
**સાવ એકલો મળે તો મને કામ છે,**
**પેલા છોકરાએ મળવાનું કારણ પૂછ્યું,**
**એને સત્તરમું બેઠું ક્યાં ભાન છે ?**

કવિ પાછા સાવધાન બની જઈ આવી રચના પણ આપે છે,

**એકલી ગોપી નથી તું, પ્રેમમાં સંભાળજે,**
**રોજ એ ગોકુળમાં વેણુ વગાડે તું સમજ.**
**ફીરકી જેની પકડવાનું તને ગુમાન છે,**
**કો'ક્ના ધાબે પતંગો એ ફસાવે તું સમજ.**

કવિ પ્રેમમાં જે વિવિધતા અને ઊંડાણ લાવ્યા છે એના લીધે ભાવકને પ્રેમના બધા રંગની અને ભંગની અનુભૂતિના આવેગો આલેખિત થયેલા જોવા મળે છે. ચમત્કૃતિ પણ સહજતાથી ટૂંકી બેંરની ગઝલમાં કેવી રીતે આવે છે, સાંભળો;

**મારા ઘરમાં મ્હેંદી વાવી,**
**એના હાથે ભાત મળી.**

કવિ હળવેકથી પોતાની જીવનનિષ્ઠા કે મૂલ્યોને પણ આ મસ્તીભર્યા કાવ્યાવરણમાં ભૂલતા નથી.

**શ્વાસ છૂટે એમના ખોળા મહીં,**
**હે પ્રભુ તું એટલો ઉપકાર કર.**
**પ્રેમનો હંમેશ ગુણાકાર કર,**
**નફરતોનો રોજ ભાગાકાર કર.**

કવિ બજારમાં બેસે છે, સમાજના પ્રતિષ્ઠિત વ્યક્તિ છે એટલે માનસશાસ્ત્ર અને મનુષ્યના વર્તનવિજ્ઞાનના એક અચ્છા અવલોકનકાર છે, એ સરસ રીતે એમના આ અનુભવને શબ્દાંકિત કરે છે,

**સાવ નાની વાતને પણ કાનમાં કે'છે મને,**
**એમના મનમાં કોઇ તો વાત છે એ સો ટકા.**

તો અન્ય એક કાવ્યમાં થોડી સાવચેતીનો સૂર પણ નીકળે છે, આવી રીતે...

**દ્રૌપદીના દિલમાં ઉકળાટ છે, સમજી જજે,**
**આ શકુનિની નવી ચોપાટ છે, સમજી જજે.**

આ બધી કવિતાઓનો કાફલો અહીં સુધી આવ્યો છે એનું કારણ અને પ્રેરણા એ એમનો નાનો પણ હસતો પરિવાર છે. કાયમ હસતાં સુનિતાબહેન એમના જીવનસંગિની તો છે પણ અમારા ઉત્તર ગુજરાતનું છલકતું, મલકતું ડહાપણ છે. એમનો પ્રણય તો પોતે જ એક આગવો કલાકાર છે, એક તેજસ્વી તસ્વીરકાર છે. ગુજરાતે અને દુનિયાએ એની ક્લિક-કરામતની અદ્ભુત કલા અને અનોખું કૌશલ્ય તો હજી પોંખવાનું છે. પ્રણય અહીં પાને પાને પથરાયો છે, એના ચિત્રો એની તસવીર-તજજ્ઞતા પ્રગટ કરે છે એટલી જ પ્રબળતાથી પારસ પ્રત્યેનો એનો પ્રેમ અને કવિતાની સમજ પણ સહજ રીતે પ્રગટ કરે છે.

પારસભાઇનો આ કાવ્યસંગ્રહ એક 'પારસસ્પર્શ'નું પ્રગટીકરણ છે, મારે મન આ એક શરૂઆત માત્ર છે, કારણ આ કવિ એક સંવેદનશીલ અને અભિવ્યક્તિશીલ વ્યક્તિત્વ ધરાવે છે. આવતા સમયમાં ગુજરાતી સાહિત્યને વધુ સમૃધ્ધ કરે એવી અપેક્ષા જગવે એવું એમનું કામ છે.

આ શબ્દને થયેલા આ 'પારસસ્પર્શ' ભરેલા **પ્રણયોત્સવ**નું સ્વાગત કરું છું...

ભાગ્યેશ જહા
ગાંધીનગર
તા.૯/૬/૨૦૧૯, રવિવાર

# પ્રણયોત્સવ

૧ પ્રેમમાં આભાર જેવું નૈ ગમે

૨ અપ્સરાના હોઠમાં મલકી ગઝલ

૩ જિંદગીમાં જીવવાનું કોઈ તો કારણ બને

૪ જા પરંતુ કો’ક સામે આવશે, સંભાળજે

૫ નામ એના નામથી જોડાય તો ટાઢક વળે

૬ દ્રૌપદીના દિલમાં ઉકળાટ છે સમજી જજે

૭ જંગલે જોવા મળે છે જિંદગી

૮ ખૂબ કુરસદથી ઘડી છે છોકરી

૯ રૂપની રાણી બની છે છોકરી

૧૦ આંખમાં ખૂંચે નહીં એવી અણી છે છોકરી

૧૧ મૂછ મલકાયા કરે છે છોકરો

૧૨ આ ગઝલને કોઈ આપે દાદ તો જલસા પડે

૧૩ નજર સૌ મંડાય છે તારા ઉપર

૧૪ એક છોકરીએ છોકરાને કાનમાં કહ્યું

૧૫ સાથ તારો માગવાની ગડમથલ

૧૬ જિંદગીમાં કોઈ ગમ જ્યારે સતાવી જાય છે

૧૭ એમની આંખો નદીનું ઘર હશે

૧૮ આંખ એની ઝેરવાળું જામ છે

૧૯ ઓ પ્રભુ આ જિંદગી કેવી બનાવી છે તમે?

૨૦ એક છોકરીને છોકરાની મળી જો આંખ

૨૧ મેં કહ્યું કે લે હવે, આ શ્વાસ પણ મારો નથી

૨૨ આમ તો ક્યારેય પણ હું આગથી ડરતો નથી

૨૩ જીવ જે આપે વતન પર એ કદી મરતા નથી

૨૪ આંખ પાછળથી દબાવી ધારવા કે'છે મને

૨૫ એસ એમ એસ મોકલીને થાકી ઓ શ્યામ

૨૬ કોઈ દિવસ આ ગલીમાં આવ તું

૨૭ માનસરવરની મજાની પાળ તું

૨૮ આંખ ભેગી થૈ જવાનો એમને સંશય હશે

૨૯ જેટલો વિશ્વાસ તારી જાત પર આવ્યો મને

૩૦ ખૂબ વાતો એ બધા મારી ચલાવે તું સમજ

૩૧ આ ભરેલા જામમાં ડૂબી મરે છે ભલભલા

૩૨ જિંદગી અડધું ભરેલું જામ છે, ચેતી જજે

૩૩ એમના પગલાં થવાના, સાવ હું ખોટો નથી
૩૪ શ્યામ ગોપીની ભૂલાવે યાદ તો સારું હવે
૩૫ રોજ પૂનમથી સજે આ રાત તો જલસા પડે
૩૬ આંખમાં તલવાર રાખે છે હવે
૩૭ શહેરમાં સમશાન રાખે છે હવે
૩૮ ઘર મહીં શેતાન રાખે છે હવે
૩૯ એમની વાતો બધી ચોફેર છે
૪૦ તોપગોળાના ધૂમાડા જાય તો સારું હવે
૪૧ સાવ મીઠોને મધુરો રાગ તું
૪૨ ખૂબ પરસેવો વળે વરસાદમાં
૪૩ દિલમાં દીવા બળે વરસાદમાં
૪૪ સ્હેજ અંતર રાખજે વરસાદમાં
૪૫ ઘર વગરનાને અગર વળતર મળે
૪૬ ગામની છેલ્લી ગલીમાં ઘર હશે
૪૭ રોજ થોડું સ્મિત આપે છે મને
૪૮ છોકરીની આંખમાં આવી ગયો
૪૯ ઘૂંટડામાં જામ આખો પી ગયો
૫૦ કોઈ બ્હાને આજ તો તકરાર કર
૫૧ ખોબે ખોબે પ્યાર મળ્યા છે
૫૨ આપણી આંખો લડી'તી યાદ છે?

૫૩ મૃગજળ પાછળ જવાથી શું મળે?
૫૪ મનગમતી સોગાત મળી
૫૫ આંખ ચોરીનો કસબ વધતો ગયો
૫૬ દેવળોમાં ક્યાં કદી પ્રભુ મળે?
૫૭ હવા ફરફરીને તમે યાદ આવ્યા
૫૮ બેવફાઈના ઘણાં કારણ મળ્યાં
૫૯ ચાંદ પર ઘર બાંધવાની વાર છે
૬૦ મીણ થૈને આગ પાસે જાય તો ભારે થશે
૬૧ કો'કના સપનાં કરે સાકાર તો માનું તને
૬૨ એમના ગાલે ગુલાબી ભાત છે
૬૩ વાત મારી ક્યાંક ના સમજાય એવું પણ બને
૬૪ સાવ સીધો છોકરો ફકીર થૈ ગયો
૬૫ એના દિલના દરવાજે મેં તાળા જેવું જોયું'તું
૬૬ મનને પાછું વાળી દઈએ ચાલ હવે
૬૭ જ્યાં લગી તારો મને સંગાથ છે
૬૮ જ્યારથી મારી ઉપર એની નજર છે
૬૯ એકતારો હાથમાં લઈ કો'ક જોગી ગાય છે.
૭૦ ખંજરો તું કેટલા છુપાવશે ?
૭૧ કારણ વગર દરિયામાં ઉછાળા જેવું જોયું'તું



૧

પ્રેમમાં આભાર જેવું નૈ ગમે,
જો; મને વેપાર જેવું નૈ ગમે.

વરસવું જો હોય મન મૂકી વરસ,
સાવ ધીમી ધાર જેવું નૈ ગમે.

દ્રૌપદીની આબરુ છે દાવ પર,
આંખમાં અંધાર જેવું નૈ ગમે.

એમને સમજાવવાનું છોડ તું,
બેવફાને પ્યાર જેવું નૈ ગમે.

સ્વર્ગમાં તું જા; પછી જોજે ભલા,
ત્યાં તને સંસાર જેવું નૈ ગમે.



૨

અપ્સરાના હોઠમાં મલકી ગઝલ,
એ પછી પરલોકમાં છલકી ગઝલ.

દેવ દરબારે રજૂ થૈ ને પછી,
આભમાં તારા બની ચમકી ગઝલ.

સોળમું બેઠું ને એના ગાલ પર,
ખંજનોમાં રોજ વિસ્તરતી ગઝલ.

જે ગલીમાં હું તને મળતો હતો,
એ ગલીમાં આજ પણ ફરતી ગઝલ.

એમને જોઈને બોલાઈ ગયું,
જીવતી ને જાગતી, હસતી ગઝલ.



3

જિંદગીમાં જીવવાનું કોઈ તો કારણ બને,
તું અગર આ ઝૂંપડીના બારણે તોરણ બને.

કેટલા નિર્દોષ એની આંખથી માર્યા ગયા,
એ સજા માટે હવે તો કોઈ બંધારણ બને.

રોજ માથે ના ચડાવો, ક્યાંક એ અડચણ બને,
જેમ કોઈ પાઘડી માથા ઉપર ભારણ બને.

લે છરી ને કાપ ગરદન; એમ પણ મંજૂર છે,
પાસ તારી આવવાનું કોઈ તો કારણ બને.

પ્રેમની દુનિયા અલગ છે; ક્યાંક એવું પણ બને,
સિંહ જેવો સિંહ પણ શિયાળનું મારણ બને.



૪

## પ્રેમિકાને વિદાય

જા પરંતુ કો'ક સામે આવશે; સંભાળજે,
ના ગમે એવા સવાલો લાવશે, સંભાળજે.

સાવ નાની વાતમાં આંખો ઉલાળી ને પછી,
નામ મારું લઈ તને શરમાવશે, સંભાળજે.

આંખમાં તારી બધા મારી છબિને શોધવા,
જીવની બાજી લગાવી નાખશે, સંભાળજે.

હાલ તારા એ બધાથી જીરવાશે ક્યાં લગી?
વૈદ ને ભૂવા પછી તેડાવશે, સંભાળજે.

જેમને તારા ગણે છે એ બધા ભેગા થશે,
ને મને ભૂલી જવા સમજાવશે, સંભાળજે.

તું નહીં બોલે મને વિશ્વાસ છે; પણ મુખમાં,
આંગળાં નાખી તને બોલાવશે, સંભાળજે.

સાવ થાકીને પછી આરોપ એ જ લગાવશે,
નજરકેદીની સજા ફરમાવશે, સંભાળજે.



૫

નામ એના નામથી જોડાય તો ટાઢક વળે,
સાવ ખોટી વાત પણ ફેલાય તો ટાઢક વળે.

ઝગમગાતી રોશની ઘરમાં દઝાડે છે મને,
ઝૂંપડીમાં ક્યાંક એ રેલાય તો ટાઢક વળે.

આંખની તલવારબાજીથી હવે થાકી ગયો,
કોઈ બાળક સ્નેહથી મલકાય તો ટાઢક વળે.

એ બધાને પ્રેમથી ભેટી અને હરખાય છે,
આ સભામાંથી હવે એ જાય તો ટાઢક વળે.

મૌનની ભાષા તમારી સાનમાં સમજી ગયો,
વાત મારી પણ તને સમજાય તો ટાઢક વળે.



૬

દ્રૌપદીના દિલમાં ઉકળાટ છે સમજી જજે,
આ શકુનિની નવી ચોપાટ છે સમજી જજે.

આમ ઘરમાં આગ સાથે ખેલવું સારું નથી,
લક્ષગૃહે આપણો વસવાટ છે સમજી જજે.

આ અજાણ્યા રાહ પર સાથે મળીને ચાલીએ,
દૂર સુધી સાવ સૂની વાટ છે સમજી જજે.

આપણી આંખોની ભાષા કો'ક તો સમજી ગયું,
એ જ વાતે ગામમાં ઘોંઘાટ છે સમજી જજે.

ખૂબ પ્યારી એક બિલ્લી તું ભલે લાવ્યો અહીં,
પણ કબૂતરમાં ઘણો ફફડાટ છે સમજી જજે.



## ૭

જંગલે જોવા મળે છે જિંદગી,
શ્હેરમાં ફરતા ડરે છે જિંદગી.

ઝૂંપડીમાં ઝૂમતી દેખાય છે,
મ્હેલમાં ફફડ્યા કરે છે જિંદગી.

આટલું ગુમાન પણ સારું નથી,
જોત જોતામાં ફરે છે જિંદગી.

ખૂનનો આરોપ છે કેદી ઉપર,
રોજ ત્યાં પ્હેરો ભરે છે જિંદગી.

નંદ રાજાને કહો લૈ જાય એ,
ટોપલીમાંહી તરે છે જિંદગી.

દ્રૌપદી પર દાવના ખેલો હવે,
બસ કરો લાજી મરે છે જિંદગી.



## ૮

ખૂબ ફુરસદથી ઘડી છે છોકરી,
ગામની આંખે ચડી છે છોકરી.

બોર લેવા ગામ આખું ઉમટ્યું,
બોરડી ઉપર ચડી છે છોકરી.

હાથ લંબાવી ઊભા સૌ ઝીલવા,
પણ હજી ક્યાં લડખડી છે છોકરી?

બોર ખાવામાં બધા ફાંફે ચડ્યા,
એમની ખૂટતી કડી છે છોકરી.

આંખ મળતાં થાય છે બેભાન સૌ,
ક્યાંક એરુને અડી છે છોકરી.

બોર માટે કેમ આ કંકાસ છે?
સ્હેજ દ્વિધામાં પડી છે છોકરી.

એક મીઠા બોરની ઉમ્મીદમાં,
રોજ કાંટાથી લડી છે છોકરી.

બોરની મીઠાશથી સમજી ગયો,
કો'કની પાછળ પડી છે છોકરી.

એક કોયલ બોર લૈ ઊડી ગઈ,
જિંદગીભર તરફડી છે છોકરી.



રૂપની રાણી બની છે છોકરી,
ક્યાં છતાં શાણી બની છે છોકરી?

કેમ જાણે સોળમું બેઠું અને,
આમ તોફાની બની છે છોકરી?

બંધ બાંધે કેમ રોકાશે હવે ?
પૂરનું પાણી બની છે છોકરી.

રૂપની દોલત બધી ભેગી કરી,
એક શેઠાણી બની છે છોકરી.

છોકરા થાકી ગયા; હારી ગયા,
સાવ લોઢાની બની છે છોકરી.



૧૦

આંખમાં ખૂંચે નહીં એવી અણી છે છોકરી,
તું ભલા સંભાળજે; ભારે ટણી છે છોકરી.

છોકરી જોતાં બને સૌ પૂતળા લોખંડના,
એમનો ઈલાજ આ પારસમણિ છે છોકરી.

આમરણ ઉપવાસ પર ઉતરી ગયા છે કેટલા,
એ બધાની સાવ સાદી માગણી છે છોકરી.

કેમનો સમજાય એને આ તમાશો પ્રેમનો?
હીર-રાંઝાની કવિતા ક્યાં ભણી છે છોકરી?

ભલભલા શાયર થયા પણ કોઈને ચાલ્યું નથી,
એક યા બીજી કવિતામાં વણી છે છોકરી.



## ૧૧

મૂછ મલકાયા કરે છે છોકરો,
સ્હેજ હરખાયા કરે છે છોકરો.

જિંદગીમાં આ અચાનક શું થયું ?
કેમ શરમાયા કરે છે છોકરો ?

કો'કના ચક્કરમાં આવી ગયો,
ક્યાંક ચકરાયા કરે છે છોકરો.

ફૂલ તાજું હાથમાં લૈને પછી
રોજ કરમાયા કરે છે છોકરો.

આગ લાગી હોય ચારેકોરથી,
એમ ગરમાયા કરે છે છોકરો.

એક બારીમાં સતત બે આંખથી,
આંખ ટકરાયા કરે છે છોકરો.

જો અચાનક છોકરી સામે મળે,
સાવ અટવાયા કરે છે છોકરો.

ગામ આખું ક્યાંક ના પાછળ પડે.
ખૂબ ગભરાયા કરે છે છોકરો.



## ૧૨

આ ગઝલને કોઈ આપે દાદ તો જલસા પડે,
સાંભળીને કોઈ આવે યાદ તો જલસા પડે.

રાત આખી યાદમાં એની વીતાવી છે અમે,
એમની પણ હોય આ ફરિયાદ તો જલસા પડે.

જનમ દિવસની ઉજવણી આજ કૈ જામી નહીં,
હાજરી એની બને સોગાદ તો જલસા પડે.

આવતા અવતાર માટે મેં કશું માગ્યું નથી,
જનમભૂમિ હોય અમદાવાદ તો જલસા પડે.

આ અજાણ્યા દેશમાં ખોવાઈ મારી જિંદગી,
ગુજરાતી કોઈ પાડે સાદ તો જલસા પડે.



૧૩

નજર સૌ મંડાય છે તારા ઉપર,
શક બધાને છે ફક્ત મારા ઉપર.

તેં કર્યું ઘાયલ હૃદય મારું પછી,
સો સવાલોના થયા ઘા; ઘા ઉપર.

આ મહાભારત મને જામ્યું નહીં,
ભાઈ મારો ઘા કરે મારા ઉપર ?

આ વખત સોગંદ તેં ખાધા નથી,
આ વખત વિશ્વાસ છે તારા ઉપર.

હાથ મારો કોઈએ પકડ્યો હતો,
છે હવે આરોપ અંધારા ઉપર.



## ૧૪

એક છોકરીએ છોકરાને કાનમાં કહ્યું,
સાવ એકલો મળે તો મને કામ છે.

પેલા છોકરાએ મળવાનું કારણ પૂછ્યું,
એને સત્તરમું બેઠું ક્યાં ભાન છે ?

છોકરી કહે, અલ્યા ભોળા ભગત,
મારા સપનામાં કાલે તું આવ્યો.

રાધાને શ્યામ બની રાસે રમ્યા,
તારી મોરલીએ મોહપાશ લાગ્યો.

એમ કહી છોકરીએ છોકરાની આંખોમાં,
પ્રેમભરી પિચકારી મારી.

કાળા જાદુના કર્યા કામણ એવા,
કે પેલા છોકરાને લાગી બીમારી.

છોકરે હથેળીમાં દોર્યું છે ફૂલ,
ને ઘૂંટ્યું છે છોકરીનું નામ.

છોકરાના હાલ અને છોકરીની ચાલ,
જોઈ ઈર્ષા કરે છે આખું ગામ.

છોકરાની આંખે ઉજાગરા,
ને છોકરીએ સપનામાં જોયા છે મ્હેલ.

કોઈ લીલુડા તોરણ બંધાવો,
કે સીમાડે ટહૂકે છે કોયલ ને ઢેલ.



## ૧૫

સાથ તારો માગવાની ગડમથલ,
બીજ ગમના વાવવાની ગડમથલ.

માછલીને વીંધવી અઘરી નથી,
દ્રૌપદીને રાખવાની ગડમથલ.

હાથ તારો હાથમાં લઉં તો ખરો,
આગને પંપાળવાની ગડમથલ.

જનમથી પાછળ પડેલા મોતને,
હાથતાળી આપવાની ગડમથલ.

એમની આંખોમાં કાળો નાગ છે,
ઝેર પીને જીવવાની ગડમથલ.

નામ એનું લે અને પીતો રહ્યો,
પી ગયો તો નામમાં થૈ ગડમથલ.

ભેંસ આગળ ભાગવત વાંચી ગયો,
સાંભળીને ભેંસને થૈ ગડમથલ.



## ૧૬

જિંદગીમાં કોઈ ગમ જ્યારે સતાવી જાય છે,
સ્વપ્નમાં આવી મને બા તું મનાવી જાય છે.

બાઈબલ, કુરાનને ગીતા મહીં જે જ્ઞાન છે,
એક હાલરડા મહીં એ બા ભણાવી જાય છે.

જે ક્ષણે આ જગતમાંથી કોઈ માતા જાય છે,
એ ક્ષણે આકાશમાં તારો નવો સરજાય છે.

જીત એની છે સદા જ્યાં જાય; કારણ એટલું,
રોજ બાના ચરણમાં માથું નમાવી જાય છે.

તું કરૂણા, તું વત્સલા, સ્નેહનું સંગીત તું,
બા શબ્દમાં પ્રેમના પર્યાય આવી જાય છે.



૧૭

એમની આંખો નદીનું ઘર હશે,
કે પછી એ પ્રેમનો સાગર હશે.

આ તરફથી રોજ ખુશ્બૂ આવતી,
આ તરફ ચોક્કસ એનું ઘર હશે.

હા કહીને ના કહી તો શું થયું ?
એમને અફસોસ જીવનભર હશે.

વૃક્ષનો વેરી થયો આ માનવી,
કોણ કે'કે એ કદી વાનર હશે ?

ઊંઘતા-ઊઠતા ભજે ભગવાન જે,
ક્યાંક મેલી એમની ચાદર હશે.



૧૮

આંખ એની ઝેર વાળું જામ છે,
મોહ વિદ્યામાંય એનું નામ છે.

હું જ એની વાતમાં આવી ગયો,
એમનું તો રોજનું આ કામ છે.

આ નગરમાં ક્યાંક એનું ઘર હશે,
આ નગર જાદુગરોનું ધામ છે.

એક કાગળ એમણે આપ્યો હતો,
કાગળો બસ ત્યારથી બદનામ છે.

ક્યાંક એ આવી સતાવી જાય છે,
આમ તો આ કબરમાં આરામ છે.



ઓ પ્રભુ; આ જિંદગી કેવી બનાવી છે તમે?
જે કહો તે જીવવા જેવી બનાવી છે તમે.

કોઈ આવે છે અહીં ને કોઈ ચાલ્યું જાય છે,
જિંદગીને રંગમંચોથી સજાવી છે તમે.

સ્હેજ પણ ગુસ્સા વગર કાગળ મને પાછો ધર્યો,
આજ પાછી પ્રેમની આશા જગાવી છે તમે.

લાખ ના પાડી બધાએ પણ ભરોસો મેં કર્યો,
ને હવે તોફાનમાં હોડી ફસાવી છે તમે.

ભરસભામાં દ્રૌપદીના ચીર ખેંચો છો તમે,
વાહ ભડવીરો બહુ હિમ્મત બતાવી છે તમે.



એક છોકરીને છોકરાની મળી છે આંખ,
એક છોકરાને ફૂટી છે પાંખ મારા ભઈ!!
પેલી છોકરીએ તાક્યું છે પે'લ્લુ નિશાન,
એના બાપાની આબરૂની રાખ મારા ભઈ!!

એક છોકરીની આંખોનું અણીયાળું તીર,
એણે સોળ સોળ સાલોથી સીંચ્યુ છે હિર,
તીર વાગ્યું ને પેલો તો થઈ ગ્યો અમીર,
એના અક્કલના દાણા બરબાદ મારા ભઈ!!

એક છોકરીની આંખોનું તોફાની ગીત,
એણે હોઠોની સીટીથી મઢ્યું સંગીત,
ગામ આખુંયે બેઠું છે માંડીને મીટ,
પેલા ડોસાઓ આપે છે શાપ મારા ભઈ!!

એક છોકરીના સપનાનો સીધો હિસાબ,
એને નજરોના સોદામાં અણધાર્યો લાભ,
પેલા છોકરાની શેરીમાં ઊડી છે વાત,
એ તો સપનામાં જુએ બારાત મારા ભઈ!!



૨૧

મેં કહ્યું કે લે; હવે આ શ્વાસ પણ મારો નથી,
એ કહે છે આટલો વિશ્વાસ પણ સારો નથી.

હાથ મારો હાથમાં છે એમના; ને એ કહે,
હસ્ત રેખાઓ કહે છે આ સમય તારો નથી.

આપણે ભેગા મળીને છોડ જ્યાં વાવ્યો હતો,
આજ પણ શોધ્યા કરું છું; ક્યાંય એ ક્યારો નથી.

નામ મારું લૈ અને લોકો તને જોયા કરે,
કોઈને પૂછ્યું તો કે' છે સાવ ગુબ્બારો નથી.

એમની ખેરાતની વાતો બધે ચર્ચાય છે.
ખૂબ લાંબી છે કતારો; આપણો વારો નથી.



## ૨૨

આમ તો ક્યારેય પણ હું આગથી ડરતો નથી,
એમની સાથે છતાં વરસાદમાં ફરતો નથી.

એમની આંખોથી ઘાયલ જીવ જાશે અવગતિ,
એટલો અફસોસ, બાકી મોતથી ડરતો નથી.

નામ એનું હું લઉં ને શ્વાસમાં ગરમી વધે,
ભરશિયાળે એમની માળા જપું, ઠરતો નથી.

લાખ સમજાવ્યું હૃદયને, આખરે માન્યું છતાં,
હાથથી પાલવ તમારો એકદમ સરતો નથી.

બાળકોના સ્મિતમાં ભગવાન તું દેખાય છે,
એટલે તો દેવળોમાં શોધવા ફરતો નથી.



૨૩

જીવ જે આપે વતન પર એ કદી મરતા નથી,
ચાંદ ને સૂરજ કદી પણ આભથી ખરતા નથી.

એટલી શ્રદ્ધા જ એને લઈ જશે મંજિલ સુધી,
સાવ કોરા પથ્થરો સાગર મહીં તરતા નથી.

દેવ સૌ ભેગા મળી રમતા હશે ગેડી-દડો,
આમ કૈ આકાશમાં તારા કદી ખરતા નથી.

સાથ હિમ્મતનો લઈ જે રાહમાં આગળ વધ્યા,
સાવ ખાલી હાથ એ પાછા કદી ફરતા નથી.

નામ મારું એ કદાપિ હાથમાં લખતા નથી,
પ્રેમની બાજી મહીં ભૂલો કદી કરતા નથી.



૨૪

આંખ પાછળથી દબાવી ધારવા કે'છે મને,
તેલ હોમી; આગને એ ઠારવા કે'છે મને.

ધગધગાતી આગની ઉપર ચડાવીને પછી,
મીણમાંથી મૂરતિ કંડારવા કે'છે મને.

રાતવાસો આપવાની સાફ ના પાડી ભલા,
એ હવે થાકી ગયેલો કારવાં કે'છે મને.

પ્રેમમાં ઘેલી બની છે ગોપીઓ જમના તટે,
મા યશોદા ત્યાં જ ગાયો ચારવા કે'છે મને.

સાવ ખાલી મ્યાનને શણગારવા કે'છે મને,
જઈ હરીફોને પછી લલકારવા કે'છે મને.



એસ એમ એસ મોકલીને થાકી ઓ શ્યામ,
તમે ગોકુળિયે આવવાનું રાખો!
જાતે ના આવો તો કૈ નૈ ઓ શ્યામ,
એક વૉટસેપ કરવાનું રાખો!

વે'લ્લી સવારથી જ વેબસાઈટ ખોલીને,
દ્વારિકા ડૉટ કોમ જોતી,
માતા જશોદાના જાયા ઓ શ્યામ,
તારી યાદોમાં રોજ રોજ રોતી!

વૃંદાવન ડૉટ કોમ, ગોકુળિયું ડૉટ કોમ,
કો'ક વાર ખોલવાનું રાખો!
એસ એમ એસ મોકલીને થાકી ઓ શ્યામ,
તમે ગોકુળિયે આવવાનું રાખો!

ગોપીનું મન, અહીં કાનુડા સંગ,
એક સેલ્ફી પડાવવાને ઝંખે,
મીઠી મધુર તારી મોરલીની યાદ,
મને શ્રાવણિયો મેઘ બની ડંખે!

ગોકુળની શેરીઓમાં ઓનલાઈન આવીને,
રાસે રમાડવાનું રાખો!
એસ એમ એસ મોકલીને થાકી ઓ શ્યામ,
તમે ગોકુળિયે આવવાનું રાખો!



૨૬

## સ્વર્ગસ્થ પત્નીને

કોઈ દિવસ આ ગલીમાં આવ તું,
ઘર સજાવ્યું છે સરસ; ખોલાવ તું.

સૌ કહે છે તું હવે આવે નહીં,
સૌને ખોટા પાડવા તો આવ તું.

તું નહીં આવે; ચલો માની ગયો,
દિલ નહીં માને ભલા સમજાવ તું.

આવવાની વાત છો ખોટી પડે,
છેવટે અફ્વા બનીને આવ તું.

ચાલ તું જીતી; ન આવે તો ભલે,
કોઈ સરનામે મને બોલાવ તું.



## ૨૧

માનસરવરની મજાની પાળ તું,
લીમડામાં એક મીઠી ડાળ તું.

આમ ભીના વાળ ના લહેરાવ તું,
આગ ભડ ભડ લાગશે સંભાળ તું.

એક તો આ પ્રેમનો મારગ નવો,
ને ઉપરથી ત્યાં બિછાવે જાળ તું.

આપણી વચમાં ઘણું અંતર ભલા,
ને ઉપરથી એકદમ શરમાળ તું.

હાથતાળી ખૂબ તેં આપી હવે,
હાથ લૈને હાથમાં પંપાળ તું.



૨૮

આંખ ભેગી થૈ જવાનો એમને સંશય હશે,
એટલે તો આ ગલીમાં આવવાનું તય હશે.

કેમ છો ? કહી સ્હેજ મલકાયા અને ચાલ્યા ગયા,
વાત-વાતોમાં જ કત્લેઆમનો આશય હશે.

જે ઝડપથી એમણે કાગળ મને વળતો લખ્યો,
એમ લાગે એમનો આ રોજનો વિષય હશે.

હા કહીને પણ સભામાં આજ એ આવ્યા નથી,
ભર સભામાં સામ સામે થૈ જવાનો ભય હશે.

માણસો ટોળે વળ્યા છે; કોઈ દેવાલય હશે,
કે પછી જન્નત સમુ કોઈ મદિરાલય હશે.



૨૯

જેટલો વિશ્વાસ તારી જાત પર આવ્યો મને,
એટલો વિશ્વાસ તારી વાત પર આવ્યો નથી.

સૌ કહે છે કે બલાથી દૂર રે'વામાં મજા,
નામ તારું લૈ મને કોઈએ સમજાવ્યો નથી.

વાત એની એ અલગ રીતે કરું છું રોજ પણ,
એમને સમજાવવામાં આજ પણ ફાવ્યો નથી.

આવવાનું એમનું પાકું હશે; માટે મને,
બદઈરાદાથી સભામાં આજ બોલાવ્યો નથી.

બંદગીમાં ઓ ખુદા હું રોજ સંભારું તને,
જિંદગીમાં બોધ તારો કોઈ અપનાવ્યો નથી.



ખૂબ વાતો એ બધા મારી ચલાવે તું સમજ,
ને અચાનક ક્યાંક તારું નામ આવે તું સમજ.

પ્રેમમાં પાગલ થયેલો કોઈ દીવાનો હશે,
રોજ તો તારી ગલીમાં કોણ આવે? તું સમજ.

એકલી ગોપી નથી તું; પ્રેમમાં સંભાળજે,
રોજ એ ગોકુળમાં વેણુ વગાડે તું સમજ.

ફીરકી જેની પકડવાનું તને ગુમાન છે,
કો'કના ધાબે પતંગો એ ફસાવે તું સમજ.

જેમને ઠોકર લગાવીને તમે ચાલ્યા ગયા,
એ જ તારા રાહમાં ફૂલો સજાવે તું સમજ.



# ૩૧

આ ભરેલા જામમાં ડૂબી મરે છે ભલભલા,
જામ પીને ક્યાંક ભવસાગર તરે છે ભલભલા.

મયકદામાં હાજરી એની હવે વરતાય છે,
સાવ ખાલી જામ ટકરાયા કરે છે ભલભલા.

જે ગલીથી એમના ઘરમાં જવાનો રાહ છે,
એ ગલીમાં રોજ અટવાતા ફરે છે ભલભલા.

એક તકતીથી અમર બનવા ન કર કોશિષ તું,
જો ઉપર; આકાશથી તારા ખરે છે ભલભલા.

ખોરડે પાણી ભરે એ વાતમાં શું માલ છે ?
એમની આગળ હવે પાણી ભરે છે ભલભલા.



### ૩૨

જિંદગી અડધું ભરેલું જામ છે; ચેતી જજે,
ને ઉપરથી ખૂબ મોંઘા દામ છે; ચેતી જજે.

એ અચાનક સાવ ખાલી થૈ જશે કોને ખબર?
મોજ કર, મોડું ન કર, કૈ ભાન છે? ચેતી જજે.

દિલના ધબકારને સાંભળ કદી એકાંતમાં,
એકદમ આવી પડેલું કામ છે; ચેતી જજે.

આગને બુઝાવવા તારા ઘરે આવ્યો હતો,
આગચંપીમાં ય એનો હાથ છે; ચેતી જજે.

કાગળો તારા લઈ જે રોજ એને આપતો,
એ કહે છે એ જ એનો ખાસ છે; ચેતી જજે.

મૃગનયની આંખ પાછળ ભલભલા માર્યા ગયા,
બગલમાં છુરી ને મુખમાં રામ છે; ચેતી જજે.



33

એમનાં પગલાં થવાનાં; સાવ હું ખોટો નથી,
કારણોમાં ફૂલ પાથરનારનો તોટો નથી.

સ્હેજ પાલવની કિનારી એમની ભારે પડી,
ઘા બહુ ઊંડો થયો પણ ક્યાંય ઘસરકો નથી.

જીવતાં તો આંખથી આંખો મળી ના સ્નેહથી,
બેસણામાં પણ અહીં તો એમનો ફોટો નથી.

જિંદગીભર બાગમાં ફૂલો ઉગાડ્યા છે અમે,
ને જનાજા પર અમારા એક ગલગોટો નથી.

રાજ સોંપ્યું છે તને પણ આટલું ના ભૂલતો,
આજીવન તારી પ્રજાથી તું કદી મોટો નથી.



૩૪

શ્યામ ગોપીની ભૂલાવે યાદ તો સારું હવે,
કોઈ રાણી લે હવે જો વાદ તો સારું હવે.

વરસવાનું બંધ કરવાના ઠરાવો થાય છે,
વાદળોમાં થાય જો વિખવાદ તો સારું હવે.

આંખથી આંખો મળેને ફેરવી લે છે નજર,
કો'ક દિવસ થાય જો સંવાદ તો સારું હવે.

પ્રેમમાં કાયમ બધેથી છેતરાવાનું થયું,
આ વખત સરજાય જો અપવાદ તો સારું હવે.

તું જવાથી ફૂલ કરમાઈ ગયા છે બાગમાં,
આવ; આ ઉપવન બને આબાદ તો સારું હવે.

દિલની ઈચ્છા ગઝલમાં સંભળાવી છે અમે,
એ તરફથી પણ મળે જો દાદ તો સારું હવે.

હિટલર તો ક્યારનો ચાલ્યો ગયો; સારું થયું,
જગતમાંથી જાય ફાસીવાદ તો સારું હવે.



૩૫

રોજ પૂનમની સજે આ રાત તો જલસા પડે,
રોજ તારાથી સજે બારાત તો જલસા પડે.

દિલની વાતો કદી હું હોઠ પર લાવ્યો નથી,
એ જ સામેથી કરે ખેરાત તો જલસા પડે.

આમ ઓશીકું દબાવી રોજ એની યાદમાં,
જાગવાનું થાય આખી રાત તો જલસા પડે.

લ્યો અદાલતમાં કબૂલ્યો પ્રેમનો આરોપ મેં,
પંચ સામે એ કબૂલે વાત તો જલસા પડે.

કોઈના ચ્હેરા ઉપર હું સ્મિત રેલાવી શકું,
એટલી મારી બને ઓખાત તો જલસા પડે.



## ૩૬

આંખમાં તલવાર રાખે છે હવે,
સાવ ખાલી મ્યાન રાખે છે હવે.

હોય જ્યારે શોધમાં શિકારની,
હોઠ પર મુસ્કાન રાખે છે હવે.

જે સદા તોફાનથી ડરતા હતા,
આંખમાં તોફાન રાખે છે હવે.

આંખ ભેગી થાય ના; જોજે જરા,
ગામ આખું ધ્યાન રાખે છે હવે.

ગીત મારા હોઠ પર ના લાવતી,
આ તરફ સૌ કાન રાખે છે હવે.



39

શ્હેરમાં સ્મશાન રાખે છે હવે,
ચોતરફ ઈન્સાન રાખે છે હવે.

ચૂંટણીમાં સાવ એ બેઘર હતા,
મ્હેલ આલીશાન રાખે છે હવે.

એ મળે તો કાગડા પણ મુખમાં,
કોયલોનું ગાન રાખે છે હવે.

દાવ ના લગાવતો જુગારમાં,
દ્રૌપદી સ્વમાન રાખે છે હવે.

એમને ભેટીને હરખાતો નહીં,
એ બધાનું માન રાખે છે હવે.



## ૩૮

ઘર મહીં શેતાન રાખે છે હવે,
ને વળી દરવાન રાખે છે હવે.

સરહદે આતંક ફેલાવ્યા કરે,
ને પછી રમઝાન રાખે છે હવે.

કેમ શાંતિદૂત એની જેબમાં,
મોતનો સામાન રાખે છે હવે ?

ભૂલથી દુકાન પર ચડતો નહીં,
વેચવા ઈમાન રાખે છે હવે.

મોરના પીંછાં લગાવી કાગડો,
રૂપનું ગુમાન રાખે છે હવે.



એમની વાતો બધી ચોફેર છે,
ગામ આખામાં હવે તો વેર છે.

કેમ આવી ભીડ છે રસ્તા ઉપર,
સાંભળ્યું છે એ હજી તો ઘેર છે.

દિલમાં શું કામ છે એનું હવે,
આ બધી ઈર્ષા ભયંકર ઝેર છે.

બંધ આંખે ચોરને શોધ્યા કરે,
આ અદાલતમાં જરા અંધેર છે.

એક મતપેટી કહે છે સાંભળો,
લોકશાહીમાં જ લીલાલ્હેર છે.



# ૪૦

## વિશ્વશાંતિ

તોપગોળાના ધુમાડા જાય તો સારું હવે,
સરહદો પર ફૂલડા વેરાય તો સારું હવે.

સ્મારકો સેનાપતિના કેટલા બનશે નવા?
કોઈ રીતે જંગ આ રોકાય તો સારું હવે.

લાલ થૈ ધરતી, બધે છે ખૂન એના લાલનું,
ક્યાંક જો ધોળી ધજા ફરકાય તો સારું હવે.

રંગ મારો લાલ ને લીલો તમારો કેમ છે?
સાવ ખોટી જીદ આ છોડાય તો સારું હવે.

મારવાને કાપવાની વાત કરશો ક્યાં લગી?
બે તરફથી દૂરનું દેખાય તો સારું હવે,

જંગલે ભેગા થઈ સૌ જાનવર ચિંતા કરે,
માનવીને માનવી ના ખાય તો સારું હવે.



૪૧

સાવ મીઠોને મધુરો રાગ તું,
તે છતાં કાયમ લગાડે આગ તું!

ચાંદ સાથે ગામ સરખાવે તને,
ને ઉપરથી એકદમ બેદાગ તું.

દૂરથી પરખાય તારી હાજરી,
રાતરાણીથી ભરેલો બાગ તું.

દિલ તારું રોજ માગું છું ભલા,
કો'ક દિવસ તો અમારું માગ તું.

સાત કોઠા વીંધવા અઘરા નથી,
સાત ફેરા જો ફરે સંગાથ તું.



## ૪૨

ખૂબ પરસેવો વળે વરસાદમાં,
તું અગર સામે મળે વરસાદમાં.

હું થયો બેહોશ પણ તું તો કહે,
મદ્ય સમું આ શું ભળે વરસાદમાં?

ક્યાંક તું જો ખોરડે આવી ચડે,
માનતા મારી ફળે વરસાદમાં.

આજ તું આવે નહીં તો શ્રાપ છે,
જિંદગીભર ટળવળે વરસાદમાં.

રાત આખી જાગતા બેસી રહ્યા,
એમ થોડી કળ વળે વરસાદમાં?



૪૩

દિલમાં દીવા બળે વરસાદમાં,
લાગણીઓ સળવળે વરસાદમાં.

યાદ એની આવશે વરસાદમાં,
આજ એ પણ જાગશે વરસાદમાં.

મોરલા આકાશને ગજવી રહ્યાં,
ભાગ મોટો માગશે વરસાદમાં.

આમ જો તું તાકશે વરસાદમાં,
ગામમાં ઝઘડા થશે વરસાદમાં.

ભર ઉનાળે એ ભલે છૂટા પડ્યા,
આજ ભેગા થૈ જશે વરસાદમાં.



૪૪

સ્હેજ અંતર રાખજે વરસાદમાં,
ક્યાંક બાળી નાખશે વરસાદમાં.

હાથ ના પકડીશ સાથે ચાલતાં,
ક્યાંક ઠોકર વાગશે વરસાદમાં.

આટલું ના હેત વરસાવીશ તું,
પૂર ભારે આવશે વરસાદમાં.

તું પલળવા નીકળે બિન્દાસ ને,
પૂર જેવું ધસમસે વરસાદમાં.

આજ ના પાછા જવાની જીદ કર,
આજ હેલી જામશે વરસાદમાં.



૪૫

ઘર વગરનાને અગર વળતર મળે,
શું ખબર; આખું નગર બેઘર મળે?

લાગણીઓ માપવા સાધન મળે?
આપણી વચ્ચે 'ખરું' અંતર મળે!

રાતવાસો શોધવા કીડી ફરે,
શેરડીનું ક્યાંક જો ખેતર મળે.

દૂધનો પ્યાલો ઉઠાવે એ અગર,
હાથમાં સૌના અહીં સાકર મળે.

જિંદગી છે ખેલ સરકસનો અહીં,
સિંહના પોશાકમાં જોકર મળે.



## શહાદતની ખબર

ગામની છેલ્લી ગલીમાં ઘર હશે,
ઘર પછી ઉપવન સમુ ખેતર હશે.

શોધવામાં વાર નૈ લાગે તને,
પ્રેમનું ભરપૂર વાવેતર હશે.

સ્હેજ ધીમેથી ટકોરા મારજે,
ખોલનારા એકદમ ચંચળ હશે.

આવકારો ખૂબ મીઠો આપશે,
તે છતાં એને અજાણ્યો ડર હશે.

ખબર મારા સાચવીને આપજે,
વાત તારી મોતનું ખંજર હશે.

નાઝ છે આ દેશને જેના ઉપર,
ઘર મહીં પણ એ હવે બેઘર હશે.

દેશ માટે 'પ્રાણ' આપ્યા છે અમે,
એ સહારો છેક જીવનભર હશે.



૪૭

રોજ થોડું સ્મિત આપે છે મને,
એમ લાગે; રોજ માપે છે મને.

આંખનું ખંજર ચલાવે પ્રેમથી,
ને પછી નખશિખ કાપે છે મને.

એકદમ ઠંડા શિયાળે રાતમાં,
બંધ કમરે રોજ તાપે છે મને.

'પ્રેમ' નામે ચાલતા અખબારમાં,
મુખપૃષ્ઠે રોજ છાપે છે મને.

ક્યાંક ઠોકર ખાઉં છું પથરો બની,
મંદિરોમાં ક્યાંક સ્થાપે છે મને.



૪૮

છોકરીની આંખમાં આવી ગયો,
સોળ વરસે છોકરો ફાવી ગયો.

સાવ સીધી છોકરીને શું થયું?
કે અચાનક છોકરો ભાવી ગયો.

પંચ સામે છોકરો હાજર થયો,
કૈં ન બોલ્યો; હોઠ મલકાવી ગયો.

છોકરીનો દોષ દેખાયો નહીં,
વાત ચાલી; એજ ભરમાવી ગયો.

એકદમ શરમાળ એવો છોકરો,
ભલભલાને આજ શરમાવી ગયો.



૪૯

ઘૂંટડામાં જામ આખો પી ગયો,
એક ક્ષણમાં જિંદગી જીવી ગયો!

જગતભરના સુખ જે પ્યાલે ભર્યા,
એ જ પ્યાલો હાથમાં આવી ગયો.

સાત જનમે પણ કદી ભૂલાય નૈ,
સ્વાદ એવો જીભને ભાવી ગયો.

ઝેર છે એ જાણતો હોવા છતાં,
એમ લાગે ક્યાંક હું ફાવી ગયો.

સૌ કહે કે કેમ તું બેહોશ છે?
બંધ આંખે હોઠ મલકાવી ગયો!



૫૦

કોઈ બ્હાને આજ તો તકરાર કર,
ને અચાનક પ્રેમનો સ્વીકાર કર.

એમ માળાથી નહીં મુક્તિ મળે,
થૈ શકે તો કોઈને તું પ્યાર કર.

સિંહ જેવો સિંહ પણ ભાગી જશે,
તું ભલા વિશ્વાસથી હુંકાર કર.

શ્વાસ છૂટે એમના ખોળા મહીં,
હે પ્રભુ તું એટલો ઉપકાર કર.

પ્રેમનો હંમેશ ગુણાકાર કર,
નફરતોના રોજ ભાગાકાર કર.



૫૧

ખોબે ખોબે પ્યાર મળ્યા છે,
અમને એવા યાર મળ્યા છે.

એક શબ્દમાં ઉપનિષદના
આખે આખા સાર મળ્યા છે.

ખૂબ વહે જ્યાં પરસેવો ત્યાં,
સપનાઓ સાકાર મળ્યા છે.

જે રજવાડે આળસ પેઠી,
રાજા ત્યાં નાદાર મળ્યા છે.

એના મનમાં મારા નામે,
ઝણઝણતા કૈ તાર મળ્યા છે.



## ૫૨

આપણી આંખો લડી'તી યાદ છે?
પાંપણો વચ્ચે નડી'તી યાદ છે?

ઢોલ તાલે નોરતાની રાતમાં,
લાગણીઓ થનગની'તી યાદ છે.?

ભર બપોરે એકલા ભેગા થતા,
એક ડોશી ત્યાં નડી'તી યાદ છે?

એ બધી વાતો ગુલાબી દોરથી,
છેક આકાશે ઊડી'તી યાદ છે?

પ્રેમનો પ્રસ્તાવ મારો સાંભળી,
રાત આખી તું રડી'તી યાદ છે?



## ૫૩

મૃગજળ પાછળ જવાથી શું મળે?
બેવફાને ચાહવાથી શું મળે?

માટલામાં એક ટીપું ઘી નથી,
આંગળીને વાળવાથી શું મળે?

છોકરાઓ કેટલા ભૂખ્યા ફરે!
કૂતરાઓ પાળવાથી શું મળે?

હાથતાળી એમની લૈ શું કરું?
આગ સાથે ખેલવાથી શું મળે?

પ્રેમની ખેરાત એ કરતા નથી,
હાથને લંબાવવાથી શું મળે?



૫૪

મનગમતી સોગાત મળી,
ચિઠ્ઠી એની આજ મળી.

મારા ઘરમાં મ્હેંદી વાવી,
એના હાથે ભાત મળી.

વાત અમારી નાની એવી,
કે'વા માટે રાત મળી.

એના મનમાં જોયું; ત્યાં પણ,
મારા મનની વાત મળી.

રાત પડીને મયખાનામાં,
સમદુઃખિયાની નાત મળી.



૫૫

આંખ ચોરીનો કસબ વધતો ગયો,
ને અમારો પ્રેમ પાંગરતો ગયો.

દીપ એની યાદનો બળતો ગયો,
બંધ આંખે એમને મળતો ગયો.

ક્યાંક એ આવી ચડે એ આશમાં,
ચાંદ આખી રાત ઝળહળતો ગયો.

સમ સનમના દૈ મને ધરતા રહ્યા,
જામ ઉપર જામ હું ભરતો ગયો.

મોતના વિચારથી જે બી ગયો,
એ પછી દરરોજ એ મરતો ગયો.



૫૬

દેવળોમાં ક્યાં કદી પ્રભુ મળે?
એમ કૈ રસ્તે પડી છે, તું મળે?

ક્યાંક તું આવી ચડે જો બાગમાં,
સાવ સૂકા બાગને ખુશ્બૂ મળે.

વૈદ્ય થૈને તું અગર આપે દવા,
ગામ આખું આજ અહીં માંદું મળે.

કામ ધાર્યું થૈ જશે; પ્રયાસ કર,
હાથ જોડી માગવાથી શું મળે?

હાથ એનો ધ્યાનથી જોજે તને,
ક્યાંક મારું નામ ઘૂંટેલું મળે.



૫૭

હવા ફરફરીને તમે યાદ આવ્યા,
શમા થરથરીને તમે યાદ આવ્યા.

તમે શું ગયા ને; થયો ચાંદ ઓઝલ,
ઊગ્યો એ ફરીને તમે યાદ આવ્યા.

લખી કાગળો જે કદીએ ન આપ્યા,
મળ્યા એ ફરી ને તમે યાદ આવ્યા.

તમારા ઈશારે તરાવેલ હોડી,
જરા ડગમગીને તમે યાદ આવ્યા.

અમર પ્રેમની વાત થૈ આ સભામાં,
સભા આ ભરીને તમે યાદ આવ્યા.



## ૫૮

બેવફાઈનાં ઘણાં કારણ મળ્યાં,
એક સાથે ચોતરફ સગપણ મળ્યાં.

દિલમાં એના મને ઉપરાઉપર,
લાગણીનાં કેટલાં મારણ મળ્યાં!

જે મને મ્હેફિલમાં મારી મળ્યા,
દુશ્મનોની ટોળકીમાં પણ મળ્યા.

માણસો ધનવાન જે લાગ્યા મને,
દોસતીમાં સાવ સાધારણ મળ્યા.

ખેલ આ અદ્‌ભુત છે તકદીરનો,
પાનખરમાં પણ બધે ફાગણ મળ્યા.



## ૫૮

ચાંદ પર ઘર બાંધવાની વાર છે,
મંદિરોમાં કેટલી કતાર છે!

એમની સામે નજર રાખી અને
કાંઈ પણ વિચારવું બેકાર છે.

રોગ એનો કેમનો મટશે ભલા?
આંખ મળતાં વૈદ સૌ બીમાર છે.

થાય જો ઉલ્લેખ એના નામનો,
એમ લાગે ચોતરફ બહાર છે.

ઠોકરોથી જેમની કાઠો થયો,
ખૂબ મોટો એમનો આભાર છે.



૬૦

મીણ થૈને આગ પાસે જાય તો ભારે થશે,
સ્પર્શ એનો સ્હેજ પણ જો થાય તો ભારે થશે.

રામ સેતુ બાંધવાનું કામ કૈ સ્હેલું નથી,
કોઈ રેખા ક્યાંક ઓળંગાય તો ભારે થશે.

એક ધસમસતી નદી છે છોકરી; ચાળો ન કર,
ઘર તરફ તારા અગર ફંટાય તો ભારે થશે.

ઘા હજી રૂઝયો નથી એના હૃદયમાં પ્રેમનો,
નામ મારું આજ જો લેવાય તો ભારે થશે.

આજ એણે આવવાનો કોલ આપ્યો છે મને,
ને અચાનક 'એ' ય આવી જાય તો ભારે થશે.



## ૬૧

કો'કનાં સપનાં કરે સાકાર તો માનું તને,
ને ઉપરથી તું કહે આભાર તો માનું તને.

નાવને હંકારવાનો છે કસબ અદ્‌ભુત પણ,
રણ મહીં હોડી લગાવે પાર તો માનું તને.

વિધવા સ્ત્રીને મદદ કરવા ઘણા તૈયાર છે,
ડોસલાને કર દવા ઉધાર તો માનું તને.

દ્રૌપદીના ચીર પૂર્યાનો ભલે સંતોષ લે,
જગતમાંથી બંધ હો જુગાર તો માનું તને.

ક્યાંક ભણતરનો ઉઠાવે બોજ તું મજબૂરનો,
તે છતાં લાગે નહીં જો ભાર તો માનું તને.

ખિલતા ફૂલો ઉપર ભમરા ઘણા ગુંજન કરે,
પાનખરને પણ કરે તું પ્યાર તો માનું તને.



## ૬૨

એમના ગાલે ગુલાબી ભાત છે, એ સો ટકા,
સ્હેજ મારા રંગની ઓખાત છે એ સો ટકા.

સાવ નાની વાતને પણ કાનમાં કે'છે મને,
એમના મનમાં કોઈ તો વાત છે એ સો ટકા.

આગ કે પાણી નહીં; તો એમની આંખો સહી,
જિંદગીમાં ક્યાંક મોટી ઘાત છે એ સો ટકા.

કોઈ પણ કારણ વગર ગુસ્સો બતાવે છે મને,
એ તરફ પણ પ્રેમનાં ઝઝબાત છે એ સો ટકા.

આંખ એની જ્યાં મળે ત્યાં ભાન ભૂલે છે બધા,
ઝેરવાળા તીરમાં તાકાત છે એ સો ટકા.



૬૩

વાત મારી ક્યાંક ના સમજાય એવું પણ બને,
તે છતાં પણ ઝણઝણાટી થાય એવું પણ બને.

આંધળો વિશ્વાસ તારો પ્રેમમાં સારો નથી,
દૂત સંદેશો વટાવી ખાય એવું પણ બને.

લાખ તું સંતાડ મુઠ્ઠી બંધ રાખીને છતાં,
નામ મારું આંખમાં વંચાય એવું પણ બને.

તું અગર નાખે નજર આકાશમાં ચાતક સમી,
ભર ઉનાળે મેઘલો મંડાય એવું પણ બને.

હા કહીને ના કહી એનો મને વાંધો નથી,
જિંદગીભર રોજ તું પછતાય એવું પણ બને.



૬૪

સાવ સીધો છોકરો ફકીર થૈ ગયો,
પ્રેમમાં એવો પડ્યો કે પીર થૈ ગયો.

સૌ કહે છે છોકરો કાફિર થૈ ગયો,
પણ ખરેખર કો'કનું તકદીર થૈ ગયો.

નફરતોની આગથી મહાવીર થૈ ગયો,
પાપ ધોવા ગામના મંદિર થૈ ગયો.

માછલીને વીંધવા જે તીર થૈ ગયો,
દ્રૌપદીની હાક પડતા ચીર થૈ ગયો.

કેટલાયે દિલની જાગીર થૈ ગયો,
એક પારસ નામનો 'અમીર' થૈ ગયો.



૬૫


એના દિલના દરવાજે મેં તાળા જેવું જોયું'તું,
એકી સાથે અંધારા-અજવાળા જેવું જોયું'તું.

સંદેશાવાહકનું લીધું નામ ને એની આંખોમાં,
મેં મારી સગી આંખે ચમકારા જેવું જોયું'તું.

ફૂલ મજાનું આપીને જ્યારે મેં મનની વાત કરી,
એના ચ્હેરા પર થોડા કંટાળા જેવું જોયું'તું.

મારી શેરીમાં એના પગલાંની છાપો જોઈને
ચોરેને ચૌટે ભારે હોબાળા જેવું જોયું'તું.

એની યાદોની મોસમની રાતોની શું વાત કરું?
શિયાળાની રાતોમાં ઉનાળા જેવું જોયું'તું.



## ૬૬

મનને પાછું વાળી દઈએ ચાલ હવે,
સમજણને સમજાવી દઈએ ચાલ હવે.

જે થેલામાં કાગળો સંતાડ્યા'તા,
આખે આખો બાળી દઈએ ચાલ હવે.

ફૂલ દીધાની વાત તમે જ્યાં નોંધી'તી,
એ પાનું પલટાવી દઈએ ચાલ હવે.

પ્રેમ પવાલાને લાગી ગઈ કો'ક નજર,
કડવો ઘૂંટ ઉતારી દઈએ ચાલ હવે.

બંને બાજુ ધગધગતા અંગારાને,
ગંગાજળથી ઠારી દઈએ ચાલ હવે.



૬૭

જ્યાં લગી તારો મને સંગાથ છે,
જિંદગી ફૂલો ભરેલો બાગ છે.

આંધળું થૈ જાય આખું ગામ આ,
એટલી આ પ્રેમીઓની માગ છે.

આ ગરમ આંસુ જ ચાડી ખાય છે,
દિલમાં તારા પ્રણયની આગ છે.

પ્રેમ કરવો એ અગર ગુનો બને,
તો પછી મારા ઉપર પણ દાગ છે.

પ્રેમીઓના નામ લખ મંદિરમાં,
એટલી આજે સમયની માગ છે.



૬૮

જ્યારથી મારી ઉપર એની નજર છે,
ત્યારથી દુઆ-દવા સૌ બેઅસર છે.

એમની આંખો મળી'તી; એ ખબર છે,
પણ પછી દારૂ પીધા જેવી અસર છે.

આમ તો એ લાગણીથી તરબતર છે,
ક્યાંક મારી હાજરીથી બેખબર છે.

એટલે તો એ જગતભરમાં અમર છે,
તાજ નીચે કો'ક પ્રેમીની કબર છે.

'અર્ધબેહોશી' સમું આખું નગર છે,
એમની આંખો તણી આ કરકસર છે.

ખૂબસૂરત જિંદગીની આ સફર છે,
કારણોમાં એ અમારા હમસફર છે.



૬૯

એકતારો હાથમાં લઈ કો’ક જોગી ગાય છે,
પ્રેમ જેણે ના કર્યો એ જણ નરકમાં જાય છે.

નાચતું ઝરણું બનીને દોડતી મારી તરફ,
ને અચાનકથી નદીની જેમ એ ફંટાય છે.

ચાંદ ના ઊગ્યો અમાસી રાતમાં તો શું થયું?
એ હવે આમેય ઘૂંઘટ ઓઢતાં કચવાય છે.

એક દિવસ એક બિલ્લી ઉતરી’તી રાહમાં,
એ પછીથી કામ મારા સૌ ફટાફટ થાય છે.

એટલી આશા લઈ ગંગા નદીમાં ન્હાય છે,
પૂણ્ય ના પામું ભલે, પણ પાપ તો ધોવાય છે.



૭૦

ખંજરો તું કેટલા છુપાવશે ?
છાપરે જઈ પાપ તો પોકારશે.

એ તને ક્યારેક તો ડૂબાડશે,
સાપ છે; એ કાંચળી ઉતારશે.

રોજ ગાંધીની કરે છે વાત એ,
ચૂંટણીમાં ક્યાંક એ ઝૂકાવશે.

સિંહ જેવો સિંહ પણ ઘાયલ થશે,
તો પછી શિયાળ પણ લલકારશે.

તું જ કૃષ્ણ બન અગર આપી શકે,
જો; સુદામા પાત્ર તો સંતાડશે.



## ૭૧

કારણ વગર દરિયામાં ઉછાળા જેવું જોયું’તું,
એણે તટ પર ટીટોડીના માળા જેવું જોયું’તું.

પથ્થરમારો ખૂબ થયો ઘર પર; એનો અફ઼સોસ નથી,
અંગત-અંગત હાથોમાં ઢેખાળા જેવું જોયું’તું.

ખંજર કોણે માર્યું મારી છાતીમાં એ યાદ નથી,
એના જમણા હાથ મહીં મેં માળા જેવું જોયું’તું.

હોંશે હોંશે હું ગંગાના દર્શન માટે પ્હોંચ્યો’તો,
પણ ત્યાં જઈને મેં તો ગંદા નાળા જેવું જોયું’તું.

શાંતિના ઉપદેશો જેણે આખું જીવન આપ્યા’તા,
એના મનમાં લોહીના ઉકાળા જેવું જોયું’તું.

